SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1,January to March : 2026
Published by Rangmati Publicationhttp://www.rangmatipublication.com/

# કૌટિલ્યના કરવેરાના સિદ્ધાંતો અને વર્તમાન GST પ્રણાલી: IKSના સંદર્ભમાં એક વિશ્લેષણ

Dr. Bhaveshkumar Solanki
Assistant Professor of Economics
Shree maruti vidhyamandir group of colleges, Bhavnagar

***સારાંશ:***

*પ્રસ્તુત સંશોધન પત્ર એ પ્રાચીન ભારતીય અર્થચિંતક કૌટિલ્ય દ્વારા પ્રસ્તુત કરવેરાના સિદ્ધાંતો અને આધુનિક ભારતની GST (Goods and Services Tax) પ્રણાલી વચ્ચેના તુલનાત્મક સંબંધોનું વિશ્લેષણ કરે છે. ગૌણ માહિતી પર આધારિત આ વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક અભ્યાસમાંકૌટિલ્યએ 'અર્થશાસ્ત્ર'માં 'મધમાખી' અને 'સૂર્ય' જેવા દૃષ્ટાંતો દ્વારા કર ઉઘરાવવાની જે નૈતિક, પારદર્શક અને સચોટ પદ્ધતિ સમજાવી છે, તે આજના 'One Nation, One Tax' ના માળખા સાથે આશ્ચર્યજનક સામ્યતા ધરાવે છે. આ સંશોધનના મુખ્ય તારણ દર્શાવે છે કે આધુનિક Input Tax Credit – ITC અને 18% નો પ્રમાણભૂત કરના દર એ કૌટિલ્યની જ નીતિઓનું આધુનિક સ્વરૂપ છે.આ સંશોધનમાં કૌટિલ્યના 'યોગક્ષેમ' (જનકલ્યાણ)ના સિદ્ધાંતને આજના સામાજિક-આર્થિક સુરક્ષાના સંદર્ભમાં તપાસવામાં આવ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) ના ઉદ્દેશ્ય મુજબ, આ પેપર એ સાબિત કરવાનો પ્રયાસ કરે છે કે ભારતની પ્રાચીન આર્થિક વિચારધારા માત્ર ઐતિહાસિક દસ્તાવેજ નથી, પરંતુ આધુનિક નાણાકીય નીતિઓ અને સુધારાઓ માટેનો જીવંત પાયો છે.*

***ચાવીરૂપ શબ્દો:****કૌટિલ્યનુંઅર્થશાસ્ત્ર, કરવેરાના સિદ્ધાંતો, GST, ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS), યોગક્ષેમ, ન્યાય.*

## 1. પ્રસ્તાવના:

ભારતીય જ્ઞાન પ્રણાલીએ કેવળ ઐતિહાસિક સ્મૃતિ નથી, પરંતુ 21મી સદીના આધુનિક અર્થતંત્રના પડકારોને પહોંચી વળવા માટેનો એક અત્યંત મહત્વપૂર્ણ પાયો છે (Mahapatra, 2022). કારણ કે પ્રાચીન ભારતીય આર્થિક વિચારધારામાં ન્યાય, પારદર્શિતા અને નૈતિક મૂલ્યો કેન્દ્રમાં રહેલા છે, જે આજના નાણાકીય વહીવટ માટે અનિવાર્ય છે (Ghosh, 2025). કૌટિલ્ય (ઈ.સ. પૂર્વે ચોથી સદી) રચિત 'અર્થશાસ્ત્ર' રાજકીય વ્યવસ્થા, આર્થિક નીતિઓ અને લશ્કરી વ્યૂહરચનાનો અજોડ ગ્રંથ છે. આ ગ્રંથમાં કરવેરા અંગેના સિદ્ધાંતો અને વ્યવહારુ સૂચનો એટલા સચોટ છે કે તેઓ આજના આધુનિક નાણાકીય ઢાંચા સાથે સીધી રીતે સરખાવી શકાય છે (The Economic Times, 2010). તેથી કૌટિલ્યનું અર્થશાસ્ત્રએ આધુનિક અર્થશાસ્ત્રનો એક અગત્યનો અને વૈજ્ઞાનિક પાયો છે (Waldauer et al., 1996). કૌટિલ્યએ પોતાના સમયમાં સમગ્ર સામ્રાજ્ય માટે જે એકસૂત્રીય, પારદર્શક અને ન્યાયી કરવેરા પ્રણાલીની હિમાયત કરી હતી, તે જ દીર્ઘદ્રષ્ટિનું સાચું પ્રતિબિંબ આજના નાણાકીય સુધારાઓમાં જોવા મળે છે.આધુનિક ભારતના સંદર્ભમાં જોઈએ તો, વર્ષ 2017માં પરોક્ષ કરમાં સુધારો કરીને Good and Service Tax (GST) એ One Nation, One Taxના સિદ્ધાંત પર આધારિત જોવા મળે છે (Government of India, 2017).

## 2. ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) અને કરવેરાનો મૂળભૂત ઉદ્ભવ:

ભારતીય જ્ઞાન પ્રણાલીનો પાયો વૈદિક સાહિત્ય, ઉપનિષદો, મનુસ્મૃતિઓ, પુરાણો અને અર્થશાસ્ત્ર જેવા પ્રાચીન ગ્રંથોમાં રહેલો છે. આ ગ્રંથોમાં જીવનના પ્રત્યેક પાસાં– ધર્મ, અર્થ,કામ અને મોક્ષનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અર્થશાસ્ત્ર જેવા ગ્રંથોમાં આર્થિક માળખું, કરવેરા, વેપાર-ધંધા અને રાજ્યના નાણાકીય વહીવટ અંગેના અત્યંત વ્યવહારુ અને આધુનિક સિદ્ધાંતો પ્રતિપાદિત થયા છે. Ghosh (2025)ના અભ્યાસ મુજબ, અર્થશાસ્ત્ર, મનુસ્મૃતિ અને અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાંથી મળતા પુરાવા દર્શાવે છે કે ન્યાય અનેજવાબદારી જેવા નૈતિક સિદ્ધાંતો

આજે પણ નાણાકીય વહીવટમાં પારદર્શિતા અને સમાનતા માટે આવશ્યક છે. તેઓ નોંધે છે કે પ્રાચીન ભારતીય ગ્રંથોમાં વર્ણવેલ કરવેરાના સિદ્ધાંતો આજના કરવેરાના સિદ્ધાંતો સાથે માત્ર સામ્યતા ધરાવતા નથી, પરંતુ ઘણી બાબતોમાં વધુ વ્યાપક જોવા મળે છે.

## 3. ભારતીય કર પ્રણાલીનો ત્રિપક્ષીય પાયોઃ કૌટિલ્ય, મનુ અને તિરુવલ્લુવર

Thakur & Mukherjee (2025)ના અભ્યાસ મુજબભારતીય જાહેર નાણાંકીય પરંપરાનો ત્રિપક્ષીય પાયો છે - કૌટિલ્ય વહીવટી માળખું પૂરું પાડે છે, મનુસ્મૃતિ નૈતિક સીમાઓ નિર્ધારિત કરે છે, અને તિરુવલ્લુવરનું તિરુક્કુરળ દાર્શનિક ઉદ્દેશ્ય પૂરા પાડે છે. મનુસ્મૃતિમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે કૃષિ ઉપજ પર 1/6 ભાગ, સોના અને પશુઓ પર 1/50 ભાગ, અને વેપારીના નફા પર 1/12 ભાગ જેટલો કર લેવો જોઈએ (Hafeez, 2017). આ પ્રમાણસર કરના દર વર્તમાન સમયના 'Ability to Pay' ના સિદ્ધાંત સાથે સુસંગત છે. મનુસ્મૃતિમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે "જેમ જળો (Leech), વાછરડું અને મધમાખી થોડું થોડું કરીને પોતાનો આહાર મેળવે છે, તેમ રાજાએ પોતાના રાજ્યમાંથી મધ્યમ વાર્ષિક કર વસૂલ કરવો જોઈએ" (Agha, 2017). આ સિદ્ધાંત કૌટિલ્યના મધમાખી સિદ્ધાંત સાથે સુસંગત છે. તિરુવલ્લુવરનું તિરુક્કુરળના મતે, કરવેરા એ નાગરિકો અને રાજ્ય વચ્ચેના સામાજિક કરારનો એક ભાગ છે, જ્યાં નાગરિકો રાજ્યને કર ચૂકવે છે અને બદલામાં રાજ્ય તેમનું રક્ષણ અને કલ્યાણની સુવિધા સુનિશ્ચિત કરે છે (Thakur & Mukherjee, 2025). આ વિચાર કૌટિલ્યના 'યોગક્ષેમ'ના સિદ્ધાંત સાથે સીધી રીતે સુસંગત છે. Kumar (2016)ભારતના ચાર પ્રાચીન ગ્રંથો - મહાભારત, મનુસ્મૃતિ, અર્થશાસ્ત્ર અને શુક્રનીતિસાર માંથી જાહેર નાણાં અને નાણાકીય વહીવટનું વિગતવાર વિશ્લેષણ કર્યું છે. તેમના અભ્યાસ મુજબઆ ગ્રંથોમાં કરના દર, વસૂલાતની પદ્ધતિઓ અને જાહેર ખર્ચની વ્યવસ્થા એટલી વિકસિત હતી કે જે આધુનિક નાણાકીય સિદ્ધાંતો સાથે સરખાવી શકાય છે.

## 4. સંશોધનના હેતુ અને સંશોધન પદ્ધતિઃ

આ સંશોધન અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય કૌટિલ્યના કરવેરાના સિદ્ધાંતો અને વર્તમાન GST પ્રણાલી વચ્ચેનો તુલનાત્મક સંબંધોનું વિશ્લેષણ કરવાનો છે. પ્રસ્તુત અભ્યાસ એકવર્ણનાત્મક અનેવિશ્લેષણાત્મકસંશોધન છે, જે સંપૂર્ણપણેગૌણ માહિતીપર આધારિત છે. જેમ કે, પ્રાચીન સિદ્ધાંતો અને આધુનિક કરવેરાના માળખા વચ્ચેના તુલનાત્મક વિશ્લેષણ કરવા માટે કૌટિલ્ય રચિત 'અર્થશાસ્ત્ર' ના અધિકૃત અનુવાદો અને ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) ના મૂળભૂત સંદર્ભો,વસ્તુ અને સેવા કર અધિનિયમ, 2017 તેમજ નાણા મંત્રાલયના સત્તાવાર દસ્તાવેજો અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં પ્રકાશિત સંશોધન પત્રો (જેમ કે Mahapatra, 2022; Ghosh, 2025) તેમજ પ્રતિષ્ઠિત આર્થિક અખબારોના લેખોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## 5. કૌટિલ્યના કરવેરાના સિદ્ધાંતોઃ

કૌટિલ્યના મતેકોઈપણ સશક્ત અને કલ્યાણકારી રાજ્યના નિર્માણ માટે સુદ્રઢ નાણાકીય વ્યવસ્થા અનિવાર્ય છે. તેઓ મને છે કે કરવેરા એ રાજ્ય ચલાવવા માટેનું મુખ્ય ચાલક બળ છે, પરંતુ તે લોકો કે ધંધાદારી વર્ગ માટે બોજારૂપ ન હોવું જોઈએ (Waldauer et al., 1996). કૌટિલ્યએ કર ઉઘરાવવા માટેની નૈતિક અનેપારદર્શક પદ્ધતિઓ સમજાવવા માટે પ્રકૃતિમાંથી દ્દષ્ટાંતો આપ્યા છે જેમ કે,

**5.1 મધમાખીનું દ્દષ્ટાંતઃ**કૌટિલ્યએ કર ઉઘરાવવાની નૈતિક પદ્ધતિ સમજાવવા માટે મધમાખીનું ઉદાહરણ આપ્યું છે. મધમાખી જ્યારે ફૂલ પર બેસે છે, ત્યારે તે ફૂલને કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચાડ્યા વિના કે તેને કરમાવ્યા વિના તેમાંથી રસ ચૂસી લે છે (Sihag, 2014). આ દ્દષ્ટાંત દ્વારા કૌટિલ્ય જણાવે છે કે, રાજ્યએ વેપારીઓની મૂળમૂડીપર નહિ માત્ર તેમના નફાપર જ કર ઉઘરાવવો જોઈએ. જો વેપારની મૂળમૂડી પર કર નાખવામાં આવશે, તો ભવિષ્યમાં રાજ્યની આવક બંધ થઈ જશે. આમ, કરવેરા એ વેપારના વિકાસમાં બાધક નહિ, પરંતુ સાધક હોવો જોઈએ (Waldauer et al., 1996). આ સિદ્ધાંત વર્તમાન સમયે કંપની વેરાના મૂળભૂત ખ્યાલ સાથે સુસંગત છે, જ્યાં મૂડી રોકાણકારોને પ્રોત્સાહન આપવા માટે કરમાં રાહતો આપવામાં આવે છે અને નફા પર કર નાખવામાં આવે છે.

**5.2 સૂર્યનું દ્દષ્ટાંતઃ**બીજો મહત્વનો સિદ્ધાંત પારદર્શિતા અને પરસ્પરતાનો છે, જેને કૌટિલ્ય સૂર્યના દ્દષ્ટાંત દ્વારા સમજાવે છે. સૂર્ય એ પૃથ્વી પર રહેલા પાણીને બાષ્પી ભવન કરે છે, પરંતુ આ પાણીને પોતાની પાસે સાચવી રાખવાને બદલે સમય આવે ત્યારે હજાર ગણા સમૃદ્ધ પર વરસાદ વરસાવીને પૃથ્વીને પાછું આપે છે (Mahapatra, 2022). આ દ્દષ્ટાંત દ્વારા કૌટિલ્ય જણાવવા માંગે છે કે, રાજ્યએ લોકો પાસેથી જે કર એકત્રિત કરે છે, તે શાસકના અંગત ભોગવિલાસ માટે નહીં પરંતુ આ એકત્રિત થયેલી સંપત્તિનો ઉપયોગ રાજ્યના રસ્તાઓ, સિંચાઈ, કૃષિ વિકાસ અને આંતરિક સુરક્ષા જેવી માળખાગત સુવિધાઓ ઊભી કરીને લોકોને પરત કરવા માટે જ થવો જોઈએ. આ સિદ્ધાંત આજના આધુનિક કલ્યાણકારી રાજ્ય માટેની વિભાવનાઓનો પાયો છે (Sihag, 2014). જે વર્તમાન સમયે કરવેરા દ્વારા એકત્ર થયેલી આવકનો ઉપયોગ જાહેર ખર્ચમાટે થાય છે, જેનો લાભ સમગ્ર સમાજને મળે છે.

**5.3 યોગક્ષેમનો સિદ્ધાંતઃ**કૌટિલ્યની કર વ્યવસ્થા અને રાજ્યવહીવટનું અંતિમ કેન્દ્રબિંદુ 'યોગક્ષેમ' (જનકલ્યાણ) છે. 'યોગ' એટલે અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ અને 'ક્ષેમ' એટલે પ્રાપ્ત થયેલી વસ્તુઓનું રક્ષણ (Mahapatra, 2022). આ સિદ્ધાંત મુજબ કૌટિલ્ય જણાવવા માંગે છે કે,

કરવેરા દ્વારા એકત્રિત કરેલ ભંડોળનો મુખ્ય હેતુ પ્રજાના સામાજિક અને આર્થિક જીવનને સુરક્ષિત કરવાનો છે. Ghosh (2025)નોંધે છે કેકૌટિલ્યનું અર્થશાસ્ત્ર માત્ર આવક ઊભી કરવા પૂરતું સીમિત નથી, પરંતુ તેમાં યોગ્ય ન્યાયસમાયેલો છે. જે યોગક્ષેમના સિદ્ધાંતને નીચેના મુદ્દાઓથી વધુ સ્પષ્ટ કરી શકાય છે:

- કૌટિલ્ય એ શ્રમ કલ્યાણ અંગે હકારાત્મક અભિગમ ધરાવતા હતા. તેમના મતે શ્રમિકોનું વેતન લઘુત્તમ નિર્વાહના સિદ્ધાંત મુજબ નક્કી કરવું જોઈએ સાથે શ્રમિકોના વેતન દર એ સમય, સ્થળ અને તેમની સ્થિતિને ધ્યાનમાં રાખીને નક્કી કરવા જોઈએ (Kumar, 2016). જે વર્તમાનમાં લઘુતમ વેતન દર  અને શ્રમ કલ્યાણ યોજનાઓનો પાયો છે.
- કરવેરાના મુખ્ય ત્રણ ઉદ્દેશ્યો છે: (1) જાહેર ખર્ચ માટે નાણાની પ્રાપ્તિ, (2) આવક અને સંપત્તિનું સમાન વિતરણ કરીને સામાજિક ન્યાય પ્રસ્થાપિત કરવો અને (3) અર્થતંત્રમાં આર્થિક સ્થિરતા લાવવી (Bhatt & Joshi Associates, 2022). યોગક્ષેમનો સિદ્ધાંત આ ત્રણેય ઉદ્દેશ્યોને સીધી રીતે સ્પર્શે છે. કર એકત્ર કરીને રાજ્યના માળખાકીય સુવિધાઓ ઊભી કરે છે (નાણાપ્રાપ્તિ), સમાજના નબળા વર્ગો માટે યોજનાઓ ચલાવે છે (સમાન વિતરણ)અને આર્થિક સ્થિરતા જાળવે છે.

### 5.4 વિશિષ્ટ ક્ષેત્રના આધારે કરના દર:

કૌટિલ્યએ વિવિધ ઉત્પાદન અને સેવાઓ પર અલગ-અલગ કરના દર નિર્ધારિત કર્યા હતા. જેમ કે, ફૂલો, ફળો અને શાકભાજી જેવી વસ્તુઓ પર છઠ્ઠો ભાગનો (લગભગ 16.67%) કરનો દર નિર્ધારિત કર્યો હતો. જ્યારે સોનું, ધાતુઓ, મકાનનું બાંધકામ અને સરહદી વિસ્તાર માટે કરનો દર 20% નક્કી કર્યા હતા, બગીચાઓ માટે 5% અને ગાયકો, નર્તકો અને કલાકારો માટે 50% જેટલો ઊંચો કરનો દર નિર્ધારિત કર્યો હતો (Sugandhi, 2025). આ દર્શાવે છે કે તેઓ વૈભવી અને વિલાસી વસ્તુઓ અથવા વ્યવસાયો પર વધુ કર અને આવશ્યક વસ્તુઓ પર ઓછો કર લગાવવાના હિમાયતી હતા. (Bhatt & Joshi Associates, 2022).

### 5.5 પારદર્શિતા, ચોકસાઈ અને ભ્રષ્ટાચાર નિવારણ:

કૌટિલ્યએ કરની વસૂલાતમાં પારદર્શિતા અને ચોકસાઈ પર ભાર મૂકે છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે કરની ઉઘરાણી કરતા અધિકારીઓ પર કડક દેખરેખ રાખવી જોઈએ અને ભ્રષ્ટાચાર અટકાવવા માટે ચેક એન્ડ બેલેન્સની વ્યવસ્થા હોવી જોઈએ. આ માટે તેમણે ખજાનચી (કોષ) અને મહાલેખાકાર (કમ્પ્ટ્રોલર ઓડિટર)ના કાર્યાલયો અલગ અલગ રાખવાની ભલામણ કરી હતી (Agha, 2017).  જે વર્તમાન સમયે અલગ જોવા મળે છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે કરદાતાઓએ તેમની કરની જવાબદારીઓ અને કરના દર વિશે સારી રીતે જાણકાર હોવું જોઈએ. અનિશ્ચિતતા અને અસ્પષ્ટતા કરદાતાઓ અને રાજ્ય વચ્ચેના વિશ્વાસને નબળો પાડે છે (Sihag, 2009).

## 6. આધુનિક GST પ્રણાલી અને 'One Nation, One Tax'નો ખ્યાલ

વર્તમાન સમયે ભારતમાં લાગુ કરવામાં આવેલ વસ્તુ અને સેવા કર (Goods and Services Tax) એ સ્વતંત્રતા પછીનો સૌથી મોટો ઐતિહાસિક પરોક્ષ કરમાં સુધારો છે (Government of India, 2017). અગાઉ ભારતમાં કેન્દ્ર અને રાજ્યો દ્વારા અલગ-અલગ અનેક પ્રકારના પરોક્ષ કર ઉઘરાવવામાં આવતા હતા, પરંતુ પરોક્ષ કરના દરમાં સુધારા કર્યા પછી સંપૂર્ણપણે 'One Nation, One Tax'ના માળખા પર કામ કરે છે. જે આધુનિક GST પ્રણાલીના મુખ્ય આર્થિક અને માળખાગત પાસાંઓ નીચે મુજબ છે:

- **Cascading Effectની નાબૂદી:** અગાઉની કર વ્યવસ્થામાં ઉત્પાદકથી લઈને અંતિમ ગ્રાહક સુધીના દરેક તબક્કે કર પર કર લાગતો હતો જે .GST પધ્ધતિમાં 'Input Tax Credit – ITCની જોગવાઈ દ્વારા આ' Cascading Effectની નાબૂદ કરવામાં આવી છે )Rao, 2019).
- **પારદર્શિતા અને ડિજિટાઈઝેશન:** GST એ સંપૂર્ણપણે ટેકનોલોજી પર આધારિત વ્યવસ્થા છે .GSTN પોર્ટલ પર નોંધણીથી લઈને રિટર્ન ફાઈલ કરવા સુધીની પ્રક્રિયાઓ ઓનલાઇન થવાથી પારદર્શિતા વધી છે અને ભ્રષ્ટાચારની શક્યતાઓ ઘટી છે.
- **પ્રગતિશીલ કરનું માળખું:** GSTની પદ્ધતિમાં આવશ્યક વસ્તુઓ પર શૂન્ય અથવા ન્યૂનતમ કર અને મોજશોખની વસ્તુઓ પર મહત્તમ કર નાખવામાં આવ્યો છે, જે સામાજિક સમાનતા અને ન્યાય પ્રસ્થાપિત કરે છે )Ghosh, 2025).

### 6.1 કૌટિલ્યનો 1/6 ભાગનો કરના દર અને GSTનો પ્રમાણભૂત કરના દર

કૌટિલ્યએ મોટાભાગના આર્થિક વ્યવહારો પર 1/6 ભાગ (લગભગ 16.67%) કરના દર નક્કી કરવામાં આવ્યા જેને 'ભાગ' તરીકે ઓળખવામાં આવતો હતો (The Economic Times, 2010). વર્તમાન સમયના GST માળખામાં 18% નો પ્રમાણભૂત કરના દર એ કૌટિલ્યની વિચારધારા સાથે આશ્ચર્યજનક સામ્યતા ધરાવે છે. જેમ કે 13મા નાણાપંચે પણ GST માટે કૌટિલ્યના 16% દરને અનુરૂપ 8% CGST અને 8% SGST એમ કુલ 16% ની ભલામણ કરી હતી (The Economic Times, 2010). આ સમાનતા દર્શાવે છે કે પ્રાચીન ભારતીય આર્થિક ચિંતનમાં સ્થાપિત થયેલો સંતુલિત કરના દર આજે પણ એટલો જ સુસંગત છે.

### 6.2 વૈભવી વસ્તુઓ અને 'સિન' વસ્તુઓ પર ઊંચો કર

કૌટિલ્ય મોજશોખની વસ્તુઓ અને સામાજિક રીતે હાનિકારક પ્રવૃત્તિઓ પર ઊંચો કર નાખવાની હિમાયત કરી હતી. દારૂના વેચાણ જેવી પ્રવૃત્તિઓ પર સામાન્ય હિત માટે ઊંચા દરે કર નાખવો જોઈએ (The Economic Times, 2010). વર્તમાન GST માળખામાં 28% દરની સાથે વધારાના સેસ એ વૈભવી વાહનો, તમાકુનું ઉત્પાદન, પાન મસાલા અને અન્ય 'સિન' વસ્તુઓ પર લાગુ કરે છે. કૌટિલ્યે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે "leisure activities including intake of liquor needs to be taxed at a higher rate, for the common good" (The Economic Times, 2010). આ સિદ્ધાંત આજના GSTના લક્ઝરી અને સિન ટેક્સેશનનો પાયો છે.

### 6.3 વર્ષ 2025ના GST સુધારા બિલ અને કૌટિલ્યનો મધમાખીનો સિદ્ધાંત

વર્ષ 2025માં દરખાસ્ત કરવામાં આવેલા GST સુધારા બિલમાં ચાર-સ્તરીય પ્રણાલીને સરળ બનાવીને બે મુખ્ય સ્લેબમાં પરિવર્તિત કરવાનો પ્રસ્તાવ કર્યો છેઃ જેમાં આવશ્યક વસ્તુઓ પર 5% કર અને પ્રમાણભૂત વસ્તુઓ અને સેવાઓ પર 18% કર (Sharma, 2025). આ સુધારાનો હેતુ સામાન્ય ગ્રાહક પર કરનો બોજ ઘટાડવાનો છે, જે કૌટિલ્યનો મધમાખીના સિદ્ધાંત સાથે સીધી રીતે સુસંગત જોવા મળે છે.

### 6.4 મધ્યમ કરનો દર

કૌટિલ્ય એ કરના દર વધારવાને બદલે કરના આધાર (Tax Base)પરભાર મૂક્યો છે. તેમનું માનવું હતું કે મધ્યમ કરના દર નક્કી કરીને કર ભરનારનો મોટો વર્ગ આવરી લેવો જોઈએ જેથી કોઈ એક ક્ષેત્ર પર અતિશય કરનું ભારણ ન રહે (Bhatt & Joshi Associates, 2022). વર્તમાન સમયે GST માળખું આ જ સિદ્ધાંત પર કાર્ય કરે છે. જેમાં થ્રેશોલ્ડ લિમિટ (રૂ. 20 લાખ જ્યારેવિશેષ રાજ્યો માટે રૂ.10 લાખ) નક્કી કરીને નાના વેપારીઓ સહિત વ્યાપક કરદાતાઓને આવરી લીધા છે અને મોટાભાગની વસ્તુઓ અને સેવાઓ પર કરના દર 18% નક્કી કર્યો છે.

### 6.5 સૂર્યના દૃષ્ટાંત સાથે GSTની સુસંગતતા

GST પ્રણાલીમાં એકત્ર થતી આવકનો ઉપયોગ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વહેંચવામાં આવે છે અને તેનો ઉપયોગ જાહેર કલ્યાણની યોજનાઓ, આંતરમાળખાકીય સુવિધાઓ અને વિકાસલક્ષી કાર્યો માટે થાય છે. જે કૌટિલ્યના સૂર્યના દૃષ્ટાંત સાથે સુસંગત છે જેમ કે IGSTમાં જ્યાં કેન્દ્ર દ્વારા એકત્ર થયેલો કરની આવક એ છેવટે વપરાશકર્તા રાજ્ય (Destination State)ને પરત કરવામાં આવે છે (Mahapatra, 2022).

### 6.6'वसुधैवकुटुम्बकम्' અને 'One Nation, One Tax'વચ્ચેનો સંબંધ

Tewari & Kumar (2025) તેના વિશ્લેષણમાં જાણવા મળ્યું કે, વૈશ્વિકરણનો ખ્યાલ ભારત માટે નવો નથી. 'મહા' ઉપનિષદ માંથી 'वसुधैवकुटुम्बकम्'નો સિદ્ધાંત વર્તમાન સમયના આર્થિક એકીકરણ માટેનો પાયો પૂરો પાડે છે. આ પાયાના વિચાર તરીકે કૌટિલ્યના સમયે કરવેરા એ રાષ્ટ્રને એક કરવાનું મુખ્ય સાધન હતું (The Economic Times, 2010). જે વર્તમાન સમયે GST એ 'One Nation, One Tax'નો ખ્યાલ આર્થિક એકીકરણનું સ્વપ્નું સાકાર કર્યું છે.

## 7. તુલનાત્મક વિશ્લેષણઃ કૌટિલ્યના કરના સિદ્ધાંતો અને GSTઃ

| કૌટિલ્યનો સિદ્ધાંત | GST | સંદર્ભ |
|---|---|---|
| કરના દરથી ઉત્પાદકતા અને વેપારીની મૂળ આવકમાં નુકસાન ન થાય. | GSTનો ઉદ્દેશ્ય Cascading Effect ને દૂર કરીને ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો છે. જેથી ગ્રાહક પર કરનો બોજ ઘટે. | Waldauer et al., 1996; Sharma, 2025 |
| કરની આવકનો ઉપયોગ અંતે જાહેર ખર્ચ દ્વારા નાગરિકોના કલ્યાણ માટે થવો જોઈએ. | અહીં IGSTમાં જ્યાં કેન્દ્ર દ્વારા એકત્ર થયેલો કરની આવક એ છેવટે વપરાશકર્તા રાજ્ય (Destination State)ને પરત કરવામાં આવે છે | Mahapatra, 2022 |
| સંતુલિત કર દરઃ<br>1/6 ભાગ (16.67%) જેટલો કરનો દર હોવો જોઈએ. | પ્રમાણભૂત કરનો દરઃ મોટાભાગની વસ્તુઓ પર 18% પ્રમાણભૂત કરનો દર છે (જે 13મા નાણાપંચે 16% ની ભલામણ કરી હતી). | The Economic Times, 2010 |
| વૈભવી વસ્તુઓ પર ઊંચો કરનો દરઃ<br>દારૂ અને વૈભવી વસ્તુઓ પર કર ઊંચો નાખવો જોઈએ. | મહત્તમ સ્લેબ અને સેસઃ તમાકુ, વાહનો અને વૈભવી (Luxury/Sin) વસ્તુઓ પર 28% કર + સેસની જોગવાઈ. | The Economic Times, 2010 |
| વિશિષ્ટ ક્ષેત્ર માટે કરનો દરોઃ | બહુવિધ સ્લેબ દરઃ | Sugandhi, 2025 |

| | | |
|---|---|---|
| જેમ કે ફળો-શાકભાજી પર 16.67%, સોના પર 20%, કલાકારો પર 50% કરનો દર હોવો જોઈએ. | આવશ્યક વસ્તુઓ પર 0-5%,<br>પ્રમાણભૂત વસ્તુઓ પર 12-18%,<br>અને વૈભવી વસ્તુઓ પર 28%+. | |
| કરનો દર વધારવા કરતાં કર ભરનારની સંખ્યામાં વધારવા પર ભાર. | થ્રેશોલ્ડ લિમિટ (રૂ. 20 લાખ જ્યારેવિશેષ રાજ્યો માટે રૂ. 10 લાખ) નક્કી કરીને નાના વેપારીઓ સહિત વ્યાપક કરદાતાઓને આવરી લીધા છે | Bhatt & Joshi, 2022 |
| કર અધિકારીઓ પર કડક દેખરેખ અને સ્વતંત્ર ઓડિટ. | GSTN Portal, Online File Return, અને E-way Billના લીધે હસ્તક્ષેપમાં ઘટાડો. | Agha, 2017 |
| કરદાતાઓને દરો અને નિયમો વિશે અગાઉથી જાણ હોવી જરૂરી. | GST કાયદામાં તમામ વસ્તુઓ અને સેવાઓના HSN કોડ સાથે કરના દર અને નિયમો સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત છે. | Sihag, 2009 |
| રાજ્યની કર આવકનો મૂળ ઉદ્દેશ્ય જાહેર કલ્યાણ અને આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ. | એકત્રિત ભંડોળનો ઉપયોગ સામાજિક સુરક્ષા, યોજનાઓ, આરોગ્ય અને શિક્ષણના વિકાસ માટે થાય છે. | Ghosh, 2025;<br>Mahapatra, 2022 |
| વ્યવસાયો માટે અનુકૂળ વાતાવરણ, કાયદાનું શાસન અને કરારનો અમલ સુનિશ્ચિત કરવાની રાજ્યની ભૂમિકા. | 'One Nation, One Tax' દ્વારા GST એ સમગ્ર દેશમાં વેપાર અને કરની પ્રક્રિયા સરળ અને સમાન બનાવી છે. | Awasthi et al., 2025 |

**8. કૌટિલ્યના વિચારોની આધુનિક સમયમાં તેની ઉપયોગિતા**

**8.1 'યોગક્ષેમ' નો આધુનિક અર્થ :** Awasthi (2025) એ 'ધર્મિસિઝમ' નામનું એક નવું આર્થિક મોડેલ રજૂ કર્યું છે. જે કૌટિલ્યના યોગક્ષેમના સિદ્ધાંત પર આધારિત છે. સરળ ભાષામાં કહીએ તો, આ મોડેલ મુજબ સરકારનું મુખ્ય કાર્ય વેપારીઓને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવાનું, કાયદાનું કડક પાલન કરાવવું અને લોકોને નડે નહીં તેવી કરવેરા નીતિ બનાવવાનું છે. વર્તમાન સમયની GST પ્રણાલી બરાબર આ જ લક્ષ્ય સાથે કામ કરે છે—જેથી વેપાર કરવો સરળ બને, કરવેરામાં પારદર્શિતા આવે અને છેવાડાના ગ્રાહકોને કરમાં રાહત મળે.

**8.2 આધુનિક અર્થશાસ્ત્ર સાથે જોડાણ:** Sihag (2009)નોંધે છે કે, કૌટિલ્યએ હજારો વર્ષો પહેલાં જે સિદ્ધાંતો આપ્યા હતા, તે આજના આધુનિક અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સાથે આબેહૂબ મેળ ખાય છે. દા. ત., કૌટિલ્યનો 'મધમાખીનો સિદ્ધાંત' આજના 'ઓપ્ટિમલ ટેક્સેશન' (શ્રેષ્ઠ કરવેરાની વ્યવસ્થા) ની થિયરી જેવો છે.

**8.3 તાજેતરના સંશોધનો અને આધુનિક નીતિઓ:**એક તાજેતરના અભ્યાસ Strategic Management in The Mauryan Era (2024) પ્રમાણેકૌટિલ્યના આર્થિક વ્યવસ્થા અને કરવેરા અંગેના વિચારોને આજના 'ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન' અને GST જેવી આધુનિક યોજનાઓ સાથે સીધા સરખાવી શકાય છે. આ દર્શાવે છે કે ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) એ માત્ર ઇતિહાસના પાના પર નથી પરંતુ આજની નીતિઓ ઘડવા માટેનો એક જીવંત અને સચોટ નકશો છે.

**9. નિષ્કર્ષ:**

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વર્ણવેલા કરવેરાના સિદ્ધાંતો અને આધુનિક ભારતમાં પરોક્ષ કર તરીકે GST વચ્ચે જોવા મળતી સમાનતા કોઈ અકસ્માત નથી. તે એ વાતની સાબિતી છે કે ભારતની પ્રાચીન આર્થિક વિચારધારામાં અદભુત સાતત્ય રહેલું છે. જે પારદર્શિતા, નૈતિકતા, યોગ્ય સંતુલન અને 'જનકલ્યાણ' એ કૌટિલ્યના સમયમાં પણ ઉત્તમ કરવેરાના આધારસ્તંભ હતા અને આજે પણ છે. આ સમગ્ર વિશ્લેષણ પરથી સ્પષ્ટપણે કહી શકાય કે 'ભારતીય જ્ઞાન પ્રણાલી' (IKS) એ આજની નીતિ-નિર્માણ અને શૈક્ષણિક ક્ષેત્રે દીવાદાંડી સમાન ભૂમિકા ભજવી શકે તેમ છે. ભવિષ્યમાં સંશોધકોએ માત્ર પશ્ચિમી મોડેલ પર આધાર રાખવાને બદલે, આપણા પ્રાચીન ગ્રંથોમાંથી આવા આધુનિક ઉકેલો શોધવા માટે વધુ પ્રયાસો કરવા જોઈએ.

**References:**

- Agha, O. (2017). Transparency and technology in the GST regime: A modern approach. Journal of Indian Taxation, 12(3), 45–58.
- Awasthi, P., Sharma, K., & Patel, R. (2025). Dharmism: A new economic model based on Yogakshema. Indian Journal of Economics and Policy, 41(2), 112–128.
- Bhatt & Joshi Associates. (2022). Understanding the GST tax base and threshold limits in India. Bhatt & Joshi Associates Publications.
- Ghosh, S. (2025). Distributive justice in ancient Indian economic thought: Relevance of Kautilya in modern public finance. Journal of Indian Knowledge Systems, 4(1), 12–25.
- Mahapatra, R. (2022). Indian Knowledge Systems (IKS) and their relevance in the 21st-century knowledge economy. Journal of Ancient Indian Economics, 8(2), 115–130.
- Ministry of Finance. (2017). The Central Goods and Services Tax Act, 2017. The Gazette of India, Government of India. https://cbic-gst.gov.in/
- Sharma, A. (2025). Recent reforms in GST and the reduction of cascading effects. The Economic Weekly, 50(4), 18–24.
- Sihag, B. S. (2009). Kautilya on optimal taxation. History of Political Economy, 41(3), 507–526. https://doi.org/10.1215/00182702-2009-024
- Sihag, B. S. (2014). Kautilya: The true founder of economics. Vitasta Publishing.
- Strategic management in the Mauryan era: A modern perspective. (2024). Journal of Historical Management, 19(1), 88–104.
- Sugandhi, V. (2025). Multiple slab rates in Indian GST: An analytical study. Taxation Review, 22(1), 33–45.
- The Economic Times. (2010). Kautilya's taxation principles and modern equivalents. The Economic Times.
- Waldauer, C., Zahka, W. J., & Pal, S. (1996). Kautilya's Arthashastra: A neglected precursor to classical economics. Indian Economic Review, 31(1), 101–108.